# 2. પોસ્ટઓફિસ

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના એક-એક વક્યોમાં ઉત્તર લખો

1) અલી ડોસાને એ જગ્યાએ બેસવાનો કેટલો અભ્યાસ કતો ?

- અલી ડોસાને એ જગ્યાએ બેસવાનો પાંચવર્ષનો અનુભવ હતો.

2) અલી ડોસા પર આવેલા પત્રનો પોસ્ટમાસ્તરે શા માટે ઘા કરી દીધો ?

- દૂર દેશાવરમાં રહેતી પોસ્ટમાસ્તરની દીકરી માંદી હતી અને તેના સ્માચારની રાહ જોતાં પોસ્ટમાસ્તર ચિંતાતુર હતાં. એવામાં એમની પાસે પડેલા ટપાલના થોકમાંથી તરત તેમણે પોતાનું છે એમ સમજીને એક કરવ ઉંચક્યું, પણ એ કવર અલી ડોસાનું સરનામું જોયું એટલે પોસ્ટમાસ્તરે વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ અલી ડોસા પર આવેલા પત્રનો ઘા કરી દીધો.

3) અલી ડોસો રોજ શા માટે પોસ્ટઑફિસે આવતો હતો ?

- દૂર રહેતી તેની દીકરી મરિયમનો કાગળ એક દિવસ આવશે એવી જરૂર શ્રદ્ધા બે આશા અલીમાં હતા. તેથી અલી ડોસો રોજ પોસ્ટઑફિસે આવતો હતો.

4) લેખકના મતે અરધું જગત ક્યારે શાંત બની શકે ?

- લેખકના મતે મનુષ્ય પોતાની દ્રષ્ટિથી જોવાને બદલે બીજાની દ્રષ્ટિથી જુએ તો અરધું જગત શાંત બની શકે.

5) લક્ષ્મીદાસ અને પોસ્ટમાસ્તરે મરિયમના પત્રનું શું કર્યું ?

- લક્ષ્મીદાસ અને પોસ્ટમાસ્તરે મરિયમનો પત્ર અલી ડોસાની કબર પર મૂક્યો
.

2. નીચેના પ્રશ્નોના બે –ત્રણ વક્યોમાં ઉત્તર લખો :

1) અલી ડોસો હોશિયાર શિકારી હતો તેમ શા પરથી કહી શકાય ?

- અલી ડોસો એની યુવાનીમાં ધૂળની સાથે ધૂળ બની જાય તેવા કાવરચીતરા તેતરને જોતો કે તરત જ તેતર તેના હાથમાં આવી પડતું! અલીની ઈટલીના ગરુડજેવી તીક્ષ્ણ નજર સસલાના કાન પર

ચોંટતી અને બીજી પળે સસલું બચી શકતું નહિ. તેનું નિશાન હંમેશા અચૂક હતું. આ પરથી કહી શકાય કે અલી ડોસો હોશિયાર શિકારી હતો.

**2) 'સ્નેહ અને વિરહ' શબ્દોની અલી ડોસાને ક્યારે સમજાય છે ?**

- જે દિવસથી અલી ડોસાને જિંદગીમાં એકલતા લાગવા માંડી. તે દિવસથી અલી શિકાર કરવાનું ભૂલે ગયો અને સ્થિર નજરે અનાજનાં ભરચક લીલાં ખેતર સામે જોઈ રહેતો ! એ સમયે 'સ્નેહ અને વિરહ' શબ્દો અલી ડોસાને સમજાય છે. એને જિંદગીમાં પહેલી વાર સમજાયું કે કુદરતમાં સ્નેહની સૃષ્ઠિ અને વિરહનાં આંસુ પણ છે !

**3) પોસ્ટઑફિસના કર્મચારીઓ અલી ડોસાની હાંસી શી રીતે ઉડાવતા ?**

- મરિયમના કાગળની રાહ જોતા અલી ડોસા રોજ વહેલી સવારે પોસ્ટઑફિસે પહોંચી જતાં. આ તેમનો રોજનો ક્રમ બની ગયો હતો; પરંતુ કાગળ આવતો નહિ. છતાં નિરાશા ખંખેરીને તે બીજે દિવસે હાજર થઈ જતો. અ જોઈને કર્મચારીઓ તેને પાગલ ગણીને તેની હાંસી ઉડાવતા. ક્યારેક મશ્કરીમાં અલી ડોસાનું નામ બોલીને પણ તેને કાગળ માટે ટટળાવતા. આ રીતે અલી ડોસાની હાંસી ઉડાવામાં તેમને મજા આવતી.

**4) અલી ડોસાએ લક્ષ્મીદાસને કઈ ભલામણ કરી હતી ? શા માટે ?**

- અલી ડોસાએ લક્ષ્મીદાસને ભલામણ કરી હતી કે તેની દીકરી મરિયમનો કાગળ આવે તો પોતાની કબર પર પહોંચાડવો; કારણ કે અલી ડોસાને હવે તેનું મૃત્યુ નજીક લાગતું હતું અને હજી સુધી તેની એકની એક દીકરી મરિયમનો પત્ર આવ્યો નહોતો.

## 3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :

**વાર્તામાં રજૂ થયેલ રાત્રિનું વર્ણન કરો.**

- 'પોસ્ટઑફિસ' વાર્તાની શરુઆતમાં જ પાછલી રાતનું વર્ણન કરેલ છે. ભૂરા આકાશમાં નાનામોટા તારાઓ ટમટમી રહ્યા છે. શીતળ પવનનાં સુસવાટાથી બચવા અલી ડોસાએ પોતાના ફાટેલા ઝભ્ભાથી શરીરને લપેટી લીધું છે. કેટલાક ઘરોમાંથી ઘંટીના અવાજ સંભળાય છે. તેની સાથે સ્ત્રીઓના અવાજ સંભળાઈ રહ્યાં છે. એકાદ કૂતરાનો અવાજ. અકાળે જાગી ગયેલા પક્ષીના અવાજો સિવાય આખું શહેર શાંત હતું. લોકો મીઠી નિંદ્રા માણી રહ્યા હયા. શીયાળાની રાત વધુ ગાઢ બનતી જતી હતી. મનુષ્યના સ્વભાવ જેવી શિયાળાની ઠંડી કાતિલ હથિયારની જેમ પોતાનું સામ્રાજ્ય ચારે બાજુ

ફેલાવી રહી હતી. રાત્રિ વધારે 'શીમણી' બનતી હતી. પવન સોંસરવો નીકળી જતો હતો. શુક્રના તારાનું મીઠું તેજ, બરફ પડે તેમ પૃથ્વી ઉપર ઠંડીના કટકા જેવું પડતું હતું.